## *-::Order Below Exhibit: 5::-*

**૧.)પ્રસ્તાવના:**

આ કામના વાદીએ સદર દાવામાં સીવીલ પ્રોસીઝર કોડની ઓર્ડર ૩૯ રૂલ ૧ તથા ૨ કલમ: ૧૫૧ હેઠળ હાલની અરજી કરી દાવાના આખરી નિર્ણય સુધી કામ ચલાઉ મનાઈ મેળવવા માટે અરજ કરેલ છે.

**૨.) વાદીના કેસની ટુંકમા હકિકત:-**

૨.૧) વાદીના કેસની હકિકત ટુંકમાં એવી છે કે, અમો વાદીએ ડીસ્ટ્રીકટ અમદાવાદના મોજે તાલુકા દસકોઈના મોજે ગામ કુંજાડની સીમના બ્લોક/સર્વે નં. ૪૭૩ ની હે.આરે.ચો.મી. ૦-૪૭-૫૫ ક્ષેત્રફળવાળી જમીન જેનો આકાર રૂા.૨-૮૭ પૈસા વાળી છે. જે દાવાવાળી મિલકત તરીકે ઓળખવાની રહે છે.

૨.૨) વધુમાં સદરહુ જમીન અમો વાદીઓની વડીલોપાર્જીત વારસાઈ હકકથી મિલકત છે. અમો વાદીનં ૪ ને અમારા ગામના વેજસીંગ જાલમજી નાઓ મળેલ અને જણાવેલ કે, પ્રતિવાદીઓ જમીન વેચાણ રાખવા માંગતા હોવાની વાત કરેલ છે. જેથી અમોએ જણાવેલ કે સદર મિલકત જે સંયુકત માલીકી અને કબજા ભોગવટાની મિલકત છે. તેમજ અમારા સિવાય ડાહ્યાજી શિવાજીના વારસોનો હકક, હીસ્સો છે. વ્યાજબી ભાવ મળતાં હોય અમો વેચવા તૈયાર છીએ.

૨.૩) વધુમાં આ કામના તા.૨૩/૯/૧૪ નારોજ અમોએ દસકોઈ ગામના સબ રજીસ્ટારની કચેરી લઈ જઈને દસ્તાવેજ તૈયાર કરાવીને અમારા

સહી/અગુંઠા કરાવેલ છે. આ કામના પ્રતિવીએ અમો વાદીને રૂા. ૧,૦૦,૦૦૦/- એમ ચાર ચેક આપેલ. તે સિવાયના બાકીના પૈસા ઘરે જઈને લઈ જવાનુ જણાવેલ. અમોને પાકો વિશ્વાસ તે લગતનો આપેલ.

૨.૪) વધુમાં વાદીએ આ કામના પ્રીતવાદીને ફાર્મ પર જઈને પૈસાની માંગણી કરતાં તે ઈન્કાર કરેલ અને કહેલ કે હવે તો દસ્તાવેજ થઈ ગયેલ છે.

૨.૫) આમ સદર કામે હાલનો દાવો કરી મનાઈ અરજીની સબબની અરજ કરેલછે.

## ૩.) <u>કેસની કાર્યવાહી:-:</u>

સબબ કામે વાદીના દાવા અરજી અને મનાઈ અરજીના અનુસંધાને આ કામે પ્રતિવાદીઓને સમન્સ/ નોટીસ કરવામાં આવેલ. જે નોટીસો પ્રતિવાદી નાઓને અનુક્રમે બજી ગયેલ છે. તેમજ આ કામે પ્રતિવાદીઓનાઓ વતી કોઈ હાજર થયેલ નહી કે તે લગતનો કોઈ જવાબ પણ રજુ કરેલ નથી.

## ૪.) વાદીઓ તરફે રજુઆત:

વાદીનાઓ તરફે મનાઈ અરજી વંચાણે લેતાં, સદર કામે પ્રતિવાદીનાઓ અમોને પુરતો અવેજ આપેલ નથી. તેમજ ખોટી રીત દસ્તાવેજ કરાવી દીધેલ છે. સદર કામે જે ખોટી રીતે દસ્તાવેજ કરી આપેલ છે. જો તેઓ વેચાણ કરી દેતો અમોને ઘણુ નુકસાન જાય તેમ છે. અમો પ્રથમદર્શીનીય રીતે વાદીની તરફેણમાં કેસ છે. જો વાદીની હાલની મનાઈ અરજી નામંજુર કરવામાં આવે તો વાદીઓને ભરપાઈ ન થઈ શકે તેવુ નુકસાન જાય તેમ છે. મનાઈ અરજી મંજુર કરવામાં આવે તો સગવડની

સમતુલા સચવાઈ રહે. આમ, વાદીની મનાઈ અરજી મંજુર કરવા અરજ કરેલ છે.

૫.) સદર કામે વાદી તરફે આંક: ૩ ના લીસ્ટથી નીચે મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

| ક્રમ | વિગત | નિશાની |
|---|---|---|
| ૧ | ગામ નમુના નં. ૬ના હકકપત્રકની નકલ | નિ: ૩/૧ |
| ૨ | ગામ નમુના નં. ૭ અને ૧૨ ના ઉતારની ઝેરોક્ષ નકલ | નિ: ૩/૨ |
| ૩ | ખાતાનં. ૧૪૦ ના ઉતારાની ઝેરોક્ષ નકલ | નિ: ૩/૩ |
| ૪ | ગામ નમુના નં. ૬ના હકકપત્રકની નકલ | નિ: ૩/૪ |
| ૫ | મામલતદાર સમક્ષ કરેલ લેખિત રજુઆત ઝેરોક્ષ નકલ | નિ: ૩/૫ |
| ૬ | આર.ટી.એસના કેસમાં કરેલ રજુઆતની ઝેરોક્ષ નકલ | નિ: ૩/૬ |
| ૭ | ફરિયાદની ઝેરોક્ષ નકલ | નિ: ૩/૭ |
| ૮ | રજી.વેચાણ દસ્તાવેજની ઝેરોક્ષ નકલ | નિ: ૩/૮ |

પ્રતિવાદી તફે કોઈ દસ્તાવેજો રજુ કરેલ નથી. કે જવાબ રજુ કરેલ નથી.

૬.) સદર અરજીનાં નિર્ણય અર્થે નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

૧). શું વાદીનો પ્રથમદર્શનીય કેસ છે ?

૨). શું વાદીને પૈસાથી ન મળી શકે તેવું પારાવાર નુકશાન થાય તેમ છે ?

૩). શું સમતુલાનું પલ્લું વાદીની તરફેણમાં છે ?

૪). શું હુકમ ?

૭). ઉપરોકત મુદ્દાઓના નિર્ણયો નીચે મુજબ છે.

૧). નકારમાં

૨). નકારમાં

૩). નકારમાં

૪). આખરી હુકમ મુજબ.

## -:: કારણો ::-

**મુદ્દા નંબર ૧ થી ૩ ની સંયુકત ચર્ચા :-**

૮. વાદીના કેસની હકિકત ટુંકમાં એવી છે કે, અમો વાદીએ ડીસ્ટ્રીકટ અમદાવાદના મોજે તાલુકા દસકોઈના મોજે ગામ કુંજાડની સીમના બ્લોક/સર્વે નં. ૪૭૩ ની હે.આરે.ચો.મી. ૦-૪૭-૫૫ ક્ષેત્રફળવાળી જમીન જેનો આકાર રૂા.૨-૮૭ પૈસા વાળી છે. જે દાવાવાળી મિલકત તરીકે ઓળખવાની રહે છે. વધુમાં સદરહુ જમીન અમો વાદીઓની વડીલોપાર્જીત વારસાઈ હકકથી મિલકત છે. અમો વાદીનં ૪ ને અમારા ગામના વેજસીંગ જાલમજી નાઓ મળેલ અને જણાવેલ કે, પ્રતિવાદીઓ જમીન વેચાણ રાખવા માંગ્તા હોવાની વાત કરેલ છે. જેથી અમોએ જણાવેલ કે સદર મિલકત જે સંયુકત માલીકી અને કબજા ભોગવટાની મિલકત છે. તેમજ અમારા સિવાય ડાહયાજી શિવાજીના વારસોનો હકક, હીસ્સો છે. વ્યાજબી ભાવ મળતાં હોય અમો વેચવા તૈયાર છીએ. વધુમાં આ કામના તા.૨૩/૯/૧૪ નારોજ અમોએ દસકોઈ ગામના સબ રજીસ્ટારની કચેરી લઈ જઈને દસ્તાવેજ તૈયાર કરાવીને અમારા સહી/અગુંઠા કરાવેલ છે. આ કામના પ્રતિવીએ અમો વાદીને રૂા.૧,૦૦,૦૦૦/- એમ ચાર ચેક આપેલ. તે સિવાયના બાકીના પૈસા ઘરે જઈને લઈ જવાનુ જણાવેલ. અમોને પાકો વિશ્વાસ તે લગતનો આપેલ. વધુમાં વાદીએ આ કામના

પ્રીતવાદીને ફાર્મ પર જઈને પૈસાની માંગણી કરતાં તે ઈન્કાર કરેલ અને કહેલ કે હવે તો દસ્તાવેજ થઈ ગયેલ છે. આમ સદર કામે હાલનો દાવો કરી મનાઈ અરજીની સબબની અરજ કરેલછે.

**એ) રેકર્ડ ઓફ રાઈટસ આધારે:-**

૯.૧) આ કામે વાદીએ પોતાના કથનોના સમર્થનમાં રજુ થયેલ દસ્તાવેજો જોવામાં આવે તો નિ: ૩/૧ થી નિ: ૩/૪ સૂધી ગામ નમુના ૭ અને ૧૨ અને ૬ ના ઉતારની ઝેરોક્ષ નકલ રજુ કરેલ છે. નિ: ૩/૫ થી નિ: ૩/૭ સુધી અનુકમે મામલતદાર સમક્ષ કરેલ રજુઆતો તેમજ, પોલીસ સ્ટેશને આપેલ ફરિયાદની ઝેરોક્ષ નકલ રજુ કરેલ છે. નિ: ૩/૮ થી રજી. વેચાણ દસ્તાવેજ ની ઝેરોક્ષ નકલ રજુ કરેલ છે.

૧૦.) આ કામે વાદી તરફે રજુઆત અનુસંધાને સદર કામે નિ: ૩/૮ જોતાં આ કામે વાદીનાઓ પ્રતિવાદીઓને કરી આપેલ રજી. વેચાણ દસ્તાવેજની ઝેરોક્ષ નકલ રજુ કરેલ છે. વધુમાં આ કામ સદર કામે વાદીએ રજી. વેચાણ દસ્તાવેજથી પોતે મિલકત પ્રતિવાદીને આપેલ છે. તેમજ જે દસ્તાવેજ રજી.છે. આમ, સદર કામે પ્રતિવાદીનાઓ અવેજ વાદીને ચેકથી ચુકવી આપેલ છે. તે નિવિવાદ હકિકત છે. આ કામે વાદી જે હકિકત જણાવેલ છે તે પુરાવાનો વિષય છે. વધુમાં સમન્યાયીના સિધ્ધાંત અનુસાર અને સગવળની સમતુલા જોતાં જે વાદીની તરફેણમાં નથી. તેમજ વાદીઓ પૈસાથી ભરપાઈ ન થઈ શકે તે પ્રકારનુ નુકસાન દર્શાવી શકેલ નથી. આમ, વાદીનો કોઈ પ્રથમદર્શીનીય કેસ પુરવાર કરી શકેલ નથી. આમ, વાદીનો પોતાના પ્રાઈમાફેસી કેસ પુરવાર કરી શકેલ નથી.

૧૧). આમ, ઉપરોકત ચર્ચા આધારો વાદીઓ પોતાનો પ્રથમદર્શનીય કેસ પુરવાર કરી શકેલ નથી તેમજ જો વાદીઓની તરફેણમાં મનાઈ હુકમ આપવામાં ન આવે તો વાદીને ભરપાઈ ન થાય તેવું કોઈ નુકશાન જાય તેવું પ્રથમદર્શનીય રીતે પુરવાર કરી શકેલ નથી તેમજ બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીની તરફેણમાં નથી. આમ મુદ્દા નંબર ૧ થી ૩ નો જવાબ નકારમાં આપવામાં આવે છે તેમજ મુદ્દા નંબર ૪ અંગે નીચે મુજબનો હુકમ કરવામાંઆવે છે.

**:: હુકમ ::**

૧. વાદીની મનાઈ અરજી રદ્દ કરવામાં આવે છે.

૨. અરજીનો ખર્ચ દાવાનાં આખરી પરીણામને અનુસરશે.

આજરોજ તારીખઃ–૧૯ મી માહે ફેબ્રુઆરી સને ૨૦૧૯ નાં રોજ હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ :– ૧૯/૦૨/૨૦૧૯
અમદાવાદ(ગ્રામ્ય) રૂરલ

(જીગ્નેશ વિષ્ણુભાઈ પટેલ)
બીજા એડી. ચીફ જ્યુડીશયલ મેજીસ્ટ્રેટ
અમદાવાદ(ગ્રામ્ય) રૂરલ
(U.Id.code no.GJ00960)